# તમે પણ
# પુષ્ટિમાર્ગીય છો!

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમ ॥

**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્ વર્જનમાચરેદ્।**
**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ।**

બ્રહ્મસંબંધ વિના બધા દોષોની નિવૃત્તિ સંભવ નથી તેથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. તેથી પરિવારજનોને સેવામાં સહયોગી બનાવવા જોઈએ તેમજ અચેતન ગૃહ, વિત્ત, અન્ન, વસ્ત્ર, આભૂષણ વિગેરેને પણ યોગ્ય રીતે ભગવત્સેવામાં વાપરીને પોતાના કામમાં લાવવા જોઈએ. આ આપણા ભકિતમાર્ગની નિર્દુષ્ટ મર્યાદા છે. (પુરુષોત્તમજીની વ્યાખ્યા શ્લો. ૪-૫)

**બીજ્દાઢર્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા...... કૃષ્ણં ભજેત્**

આપણા માર્ગમાં ભગવદ્‌ભજન ઘરમાં રહયા વિના સંભવતુ નથી. ઘરમાં કરવામાં આવતા ભગવદ્‌જનના પ્રકાર સિવાય બીજો કોઈ પણ ભગવદ્‌ભજનનો પ્રકાર છે જ નહિ, તેથી ભગવદ્‌ભજન માટે અનુકુલ એવા ઘરમાં રહીને સ્વધર્મતઃ શ્રીકૃષ્ણની સેવા કરવી (શ્રી ગોકુલેશની વ્યાખ્યા શ્લોક ૨)

**કૃષ્ણસેવા સદા કાર્યા......... તત્સિદ્ધયૈ તનુવિત્તજા**

ભગવત્સેવા માટે બીજાનું ધન લેવું કે બીજાને ધન આપવું તે ભગવત્સેવા કરવાની ઉચિત રીતિ નથી. તેથી શ્રીમહાપ્રભુજી તનુજાસેવા અને વિત્તનીસેવા એમ બે નોખી નોખી સેવા કરવાનો ઉપદેશ આપતા નથી, પણ તનુવિત્તજા એમ એક જ સેવા કરવાનો ઉપદેશ આપે છે. (પ્રભુચરણ શ્રીગુસાંઈજીની વ્યાખ્યા)

સેવા માટે બીજાને ધન આપવાથી અહંકાર વધે છે. સેવા માટે બીજાનું ધન લેવાથી સેવા નિષ્ફળ બની જાય છે. (શ્રી પુરુષોત્તમજીની વ્યાખ્યા)

**દાને હિ ન સ્વનિયોગઃ ન તુ નિવેદને**

પ્રભુને જે કંઇ ભેટરુપે ધરવામાં આવે તે પ્રભુને દાનરુપે અપાયું હોવાથી દેવદ્રવ્ય બની જાય છે. તેનો પ્રસાદ તરીકે પાછો ઉપભોગ આપણે કરી શકતા નથી. પ્રભુને નિવેદન ફકત કર્યું હોય તો લઇ શકાય છે.

(પ્રભુચરણની નવરત્નની વ્યાખ્યા)

તબ એક વૈષ્ણવને શંકા કિની જો મહારાજ વા દિન આપુને રાજભોગ તાંઇકો પ્રસાદ ગૌઆનકો ખવાયો ઔર શ્રીયમુનાજીમે પધરાયો તાકો કારણ કહા? તબ આપ કહે જો ક્ટોરી (ગિરવી) ધરિકે સાંમગ્રી આઇ સો તો ભોગ શ્રીઠાકોરજી આપહી કે દ્રવ્યકો આરોગે સો તો આપહી કો ભયો જો શ્રીઠાકોરજીકો દ્રવ્ય ખાયગો સો મેરે નાહિ ઔર મેરો સેવક ભગવદીય હોયગો સો દેવદ્રવ્ય કબહૂ ન ખાયગો. જો ખાયગો સો મહાપતિત હોયગો. તાતે વા પ્રસાદમેં તે ભોજન કરવેકો અપનો અધિકાર ન હતો. વાકે લિયે ગૌઆનકો ખવાયો ઔર શ્રી યમુનાજીમે પધરાયો. (નિજવાર્તાઘરુવાર્તા)

**કૌણ્ડિન્યો ગોપિકા પ્રોકતાઃ ગુરવઃ સાધનં ચ તત્**
**ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે**

(શ્રી મહાપ્રભુજીકૃત સંન્યાસનિર્ણય)